# દૂધસાગર ડેરી

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

પોસ્ટબોક્સ નં.૧, હાઇવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨. ફોન નં. ૦૨૭૬૩-૨૫૩૨૦૧, ફેક્સ-૨૫૩૪૨૨

## ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધ અને દૂધની બનાવટોના HUB રૂટ પરિવહન – વિતરણ કોન્ટ્રાક્ટ અંગેનું જાહેરનામું

ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધસાગર ડેરી – મહેસાણા/ પાટણ ખાતે થી જરૂરીયાત મુજબના દૂધ,છાશ,દહીં તથા દૂધની અન્ય બનાવટો વગેરે ક્રેટ/બોક્ષ દ્વારા લઇ જઈ મહેસાણા/પાટણ મિલ્ક શેડ એરીયામાં આવેલા દૂધ સંઘના દૈનિક દૂધ વિતરણ કરતા ચાલુ તેમજ નવીન મથકો /કેન્દ્રો ઉપર સમયસર પહોચાડવાના તેમજ ત્યાંથી ખાલી ક્રેટ મહેસાણા/પાટણ ડેરીમાં સમયસર પરત જમા કરવા સુધીની કામગીરી માટે **૦૫ HUB રૂટ** ( સતલાસણા ,ખેરાલુ, વિસનગર,ચાણસ્મા,હારીજ ) માટે દૂધ અને દૂધની બનાવટોના પરિવહન – વિતરણનો કોન્ટ્રાક્ટ ૦૩ (ત્રણ) વર્ષ માટે આપવાનો હોઈ, સદર કામગીરીમાં રસ તેમજ જરૂરી ક્ષમતા મુજબ ઇન્સ્યુલેટેડ વાહન ધરાવતા ટ્રાન્સપોર્ટરે પાસેથી બંધ કવરમાં પ્રતિ ટ્રીપના ભાવ મંગાવવામાં આવે છે. ભાવપત્રક દૂધસાગર ડેરી મહેસાણા ખાતે તા.૦૭.૦૫.૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી જમા કરાવવાના રહેશે. બંધ કવર પર **"દૂધ અને દૂધની બનાવટોના HUB રૂટ પરિવહન – વિતરણનું ટેન્ડર"** તેમ લખવું. સદર ટેન્ડર તેમજ ટેન્ડર અંગેની વધુ માહિતી સંઘની વેબસાઈટ www.dudhsagardairy.coop ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરની સાથે ટેન્ડર ફી પેટે રૂપિયા ૧૧૮૦/- અને ટેન્ડર ઈ.એમ.ડી. પેટે રૂપિયા ૫૦,૦૦૦/- ના "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા નામના ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાના રહેશે.અધુરી વિગતવાળું ટેન્ડર રદ ગણવામાં આવશે.

સદર ટેન્ડરને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજૂર અથવા નામંજૂર કરવાનો તથા નેગોશિયેશન કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીને રહેશે.

ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર

મહેસાણા જિ.સ.દૂ.ઉ.સંઘ.લિ.,મહેસાણા

નં.એડમીન/૧૩૬

તા. ૨૭.૦૪.૨૦૨૪

નોટીસ બોર્ડ : ઓફીસ / ડેરી – ફેક્ટરી

## પરિશિષ્ટ-૧

## ઇન્સ્યુલેટેડવાહન દ્વારા અમૂલ/સાગર દૂધ, છાશ, દહીં અને દૂધની અન્ય બનાવટોના પરિવહન કોન્ટ્રાક્ટ માટે HUB રૂટની માહિતી

| રૂટ નં. | રૂટની વિગત | રૂટના અંદાજીત કી.મી | વાહનની કેપેસીટી | પ્રતિ ટ્રીપ ભાવ (રૂ) |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા – સતલાસણા – મહેસાણા | ૧૫૦ | ૪૦૦ | |
| ૨ | મહેસાણા – ખેરાલુ – મહેસાણા | ૯૦ | ૬૦૦ | |
| ૩ | મહેસાણા – વિસનગર – મહેસાણા | ૫૦ | ૬૦૦ | |
| ૪ | પાટણ – ચાણસ્મા –પાટણ | ૩૬ | ૫૦૦ | |
| ૫ | પાટણ – હારીજ – પાટણ | ૬૫ | ૯૦૦ | |

**નોધ** : ઇન્સ્યુલેટેડ વાહનનું મોડલ : ૨૦૧૫ કે તે પછીનું હોવું જરૂરી છે એક રૂટની અંદર નોધાયેલ આપનું વાહન બીજારૂટમાં ઉપયોગમાં લઇ શકાશે નહિ તેમજ વાહન માલિકીનું હોવું જરૂરી છે .

ઇન્સુલેટેડ વિહિકલ નંબર :..................................................................

ઇન્સુલેટેડ વિહિકલની કેપેસીટી (ક્રેટમાં) :........................................................

ઇન્સુલેટેડ વિહિકલ ફૂડ લાઈસંશ (FASSI) નંબર :...............................છેલ્લી તા...................

**ટ્રાન્સપોર્ટનું નામ :...................................................**

**ટ્રાન્સપોર્ટરનું નામ : .......................................................**

**સરનામું :...........................................**

**.............................................**

**.............................................**

**મોબાઈલ નં. .................................** **ટ્રાન્સપોર્ટરના સહી-સિક્કા**

નોંધ :

૧. ગાડી જેની માલિકીની હશે તેઓના નામે જ ઓફર સ્વીકારાશે. જો ભાગીદારીની હશે તો ઓફર ફોર્મમાં સ્પષ્ટ જણાવવું તેમજ સાથે ભાગીદારીની નકલ સામેલ રાખવી જરૂરી છે.

૨. ઓફર ફોર્મમાં સાચી હકીકત જાહેર કરેલ નહિ હોવાનું પાછળથી જણાશે તો ઓફર નામંજૂર કરવાને પાત્ર ગણાશે.

૩. ઓફર રજૂ કર્યાની તારીખ અગાઉ ઓફર ભરનાર વાહનની માલિકી ધરાવતા હોવા જોઈએ અને તે વાહનની ઓફર એક ગાડી દીઠ એક રૂટ માન્ય રહેશે.

૪. ચાલુ વીમા પોલીસીની નકલ ઓફર સાથે બીડવાની રહેશે.

૫. કોન્ટ્રાક્ટની તમામ શરતો વાંચી દરેક પાના ઉપર સહી કરીને ટેન્ડર ફોર્મ સાથે બીડવાની રહેશે.

૬. વાહનનું મોડલ ૨૦૧૫ અને તે પછીનું હોવું જરૂરી છે.

૭. ઉપરોક્ત દર્શાવેલ વાહનની કેપેસીટી ૧૨ લીટરના ક્રેટ પ્રમાણેની છે.

૮. રૂટની વિગત મુખ્ય પ્લાન્ટથી હબ (HUB) અંગેની માહિતી ટેન્ડર આપવાની મુદત દરમિયાન ઓફિસ સમયમાં (રજા અને રીશેષ સિવાય) માગણી કરવાથી મેનેજર(સેલ્સ) તરફથી બતાવવામાં આવશે.

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., દૂધસાગર ડેરી, મહેસાણા-૩૮૪ ૦૦૨

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, દૂધસાગર ડેરી, મહેસાણાના દૂધસાગર ડેરી- મહેસાણા, તથા દૂધસાગર ડેરી-પાટણ (હાંસાપુર) પ્લાન્ટ ડોક ઉપરથી સંઘ સંચાલિત/સંલગ્ન વિવિધ હબ/વિતરણ કેન્દ્રો સુધી **ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધ પરિવહન ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટની શરતો**

1. આ શરતો ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધસાગર ડેરી-મહેસાણા, તથા દૂધસાગર ડેરી-પાટણ(હાંસાપુર) પ્લાન્ટ ડોક ઉપરથી સંઘ સંચાલિત/સંલગ્ન વિવિધ હબ/વિતરણ કેન્દ્રો સુધી દૂધ, છાશ, દહીં તથા દૂધની અન્ય બનાવટોના પરિવહન તેમજ ત્યાં આવતા ગ્રામ્ય રૂટના વાહનોમાં તે ટ્રાન્સફર કરવાના કોન્ટ્રાક્ટ તરીકે ઓળખાશે. શરતોમાં જ્યાં સંઘ શબ્દ નો ઉપયોગ કરવામાં આવશે ત્યાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા એ અર્થમાં સમજવાનું રહેશે.
2. આ કોન્ટ્રાક્ટ ટેન્ડર શરૂ થયેથી ત્રણ વર્ષ સુધીના સમયગાળાનો રહેશે અને અમારી જરૂરિયાત પ્રમાણે તેનો સમયગાળો ટૂંકાવી શકાશે. જેનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટરશ્રીને અબાધિત રહેશે. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન સંઘને કામગીરીમાં સંતોષ ન જણાય તો યોગ્ય અથવા તાત્કાલિક સમયની નોટીસ આપી અથવા કોઇપણ વખતે, વગર નોટીસે પણ સંઘ તાત્કાલિક આ કોન્ટ્રાક્ટ રદ કરી ડીપોઝીટ જપ્ત કરી શકશે અથવા રૂટ પણ બદલી શકશે.
3. **દૂધ અને દૂધની પેદાશોના લોડીંગ માટે આવતું આપનું વાહન સંપૂર્ણ સફાઈ કરેલ હોવું જોઈએ . આપના વાહનમાં GPRS (જી.પી.આર.એસ.) સિસ્ટમ ફરજીયાત ફરજીયાત લગાવાની રહેશે તેમજ સેલ્સ વિભાગની સુચના પ્રમાણે ઉપયોગ કરવાનું રહેશે.** રૂટ કોન્ટ્રાક્ટરે માંગેલ ક્રેટની સંખ્યા ને ધ્યાનમાં લઇ પુરતી ક્ષમતા ઉપરાંત ૧૫ ટકા ક્ષમતા વધુ વહન કરી શકે તે પ્રમાણે ઇન્સુલેટેડ વાહનની વ્યવસ્થા કરવાની કે બાહેધરી આપવાની રહેશે .**અચાનક દૂધ/છાછ ના ક્રેટનો જથ્થો વધવાની પરિસ્થિતિમાં સેલ્સ વિભાગની સુચના મુજબ કામચલાઉ અન્ય વાહનની વ્યવસ્થા ટ્રાન્સપોર્ટરે કરવાની રહેશે.**
4. રૂટ કોન્ટ્રાકટરે ગ્રામ્ય રૂટના ડીલરના ઓર્ડર મુજબ સંઘના ડોક ઉપરથી દૂધ, છાશ, દહીં તેમજ દૂધની અન્ય બનાવટોના ક્રેટ/બોક્ષ તેમના વાહનમાં ભરી નિયત કરેલા હબ/વિતરણ કેન્દ્રો ઉપર સંઘે નક્કી કરેલ સમયાનુસાર પહોંચી આવેલ ગ્રામ્ય વિસ્તારના નાના બંધ બોડીના વાહનોમાં તેમના ઓર્ડર/બિલ મુજબ માલ ભરી આપવાનો તેમજ ત્યાંથી તેટલા જ **ખાલી ક્રેટ ડીલરો પાસેથી પરત લઇ સંઘમાં તે જ દિવસે ૧૧:૦૦ વાગ્યા પહેલાં જમા કરાવી**, તેની પાવતી લઇ જે તે ડીલરને પહોંચાડવાની રહેશે. વાહનમાં સાથે લઇ જવાના ક્રેટ તેમજ બીજી વસ્તુઓ તે આપના વાહનમાં મુકાય ત્યારથી જ જે તે જગ્યાએ સોપાય ત્યાં સુધીમાં કોઇપણ ચીજ વસ્તુઓ ખોવાય, ઢોળાય અગર તૂટફૂટ થાય તો તેની સર્વે નુકશાનીની જવાબદારી રૂટ કોન્ટ્રાક્ટરની રહેશે. જે નુકશાનીની રકમ તેમના બિલમાંથી/ડીપોઝીટમાંથી સંઘ કપાત કરી શકશે.
5. સદર કામગીરી માટે જરૂરી હોય તેટલા અથવા સંઘ જણાવે તેટલા મજુરો ગાડી સાથે નિયમિત રાખવાના રહેશે. આ કર્મચારીઓને(લેબરો) ચૂકવવાનું થતું મહેનતાણું કોન્ટ્રાક્ટરશ્રીએ આપવાનું રહેશે તેમજ વાહનના તમામ કામદારોના મજુર–સહકારી કાયદા પ્રમાણે થતી તમામ જાતની જવાબદારીઓ કોન્ટ્રાક્ટરશ્રીની અંગત રહેશે. આ માટે રૂટ કોન્ટ્રાક્ટરશ્રી સંઘ પાસેથી કોઈ વળતર માગી શકશે નહી.

6. રૂટ કોન્ટ્રાક્ટરે ડેરી ડોક ઉપરથી લીધેલ તમામ માલ ચેક કર્યા પછી જ લેવાનો/મુકવાનો રહેશે. ત્યારબાદ વધઘટ તથા તૂટ-ફૂટની તમામ જવાબદારી રૂટ કોન્ટ્રાક્ટરની રહેશે.

7. સંઘ કોઈપણ કારણોસર ગ્રામ્ય વિસ્તારોમાં ડીલરોને દૂધ આપવાનું બંધ કરશે અથવા તે રૂટનાં સ્થળો/કેન્દ્રો બીજા રૂટમાં ટ્રાન્સફર કરશે તો તેવા સમયે રૂટ કોન્ટ્રાકટરે તેમનું વાહન તે રૂટ ઉપર ફેરવવાનું રહેશે નહી અને તે સમય માટે સંઘ કોઈપણ પ્રકારનું ભાડું અગર વળતર આપવા જવાબદાર રહેશે નહી.

8. સંઘની રજા (પરવાનગી) સિવાય રૂટ કોન્ટ્રાકટર કોઇપણ શખ્સ કે બીજો કોઈ સામાન વાહનમાં લઇ જઈ શકશે નહી કે લાવશે નહી.

9. રસ્તામાં કોઈપણ કારણોસર વાહન બગડે તો વેચાણ વિભાગના જવાબદાર વ્યક્તિ જોડે રૂબરૂ અથવા ફોન પર વાત થયા પછી તાત્કાલિક બીજું વાહન રૂટમાં સમયસર મોકલવાની ફરજ રૂટ કોન્ટ્રાકટરની રહેશે. વાહન ન મોકલવાના કારણે થતી નુકસાની કોન્ટ્રાક્ટરશ્રીના શીરે રહેશે. વળી દૂધ સમયસર ન પહોંચાડવાને કારણે થયેલ નુકસાનીના નાણા રૂટ કોન્ટ્રાક્ટરની પાસેથી વસુલ લેવામાં આવશે.

10. સંઘમાંથી પહોચાડવાની તેમજ લાવવા સારૂ આપવામાં આવતી જરૂરી વસ્તુઓ પહોચાડી/લાવી તેની સહી સાથેની પાવતી રજુ નહી કરી હોય તો તે વસ્તુની કિંમત ઉપરાંત તે વસ્તુની બેવડી કિંમત સુધીનો દંડ કરવાનો અધિકાર સંઘનો રહશે.

11. આકસ્મિક સંજોગોમાં રૂટની ગાડીને હબ/વિતરણ કેન્દ્ર સુધી પહોંચતા પહેલાં કુદરતી આફત કે અનિવાર્ય સંજોગોમાં આગ, અકસ્માત કે હુલ્લડને કારણે દૂધ વિતરણના રૂટની ગાડીમાં ભરેલા દુધના ક્રેટ તેમજ બીજી વસ્તુઓ ઢોળાઈ જાય કે વેડફાઈ જાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી રૂટ કોન્ટ્રાકટરની રહેશે તેમ છતાં તેની ફરિયાદ પોલીસમાં નોધાયેલ હશે તો માત્ર દૂધ તથા ક્રેટની નુકશાનીની રકમ કોન્ટ્રાક્ટરશ્રીની પાસેથી વસુલ કરવાની રહેશે. તેમજ તે અંગે જે તે સમય, સ્થળ અને અકસ્માતનો પ્રકાર તથા સંજોગોને ધ્યાનમાં લઇ જે તે દૂધ તથા ક્રેટની નુકશાની અંગેનો નિર્ણય સંઘના ઇન્ચાર્જ મેનેજિંગ ડીરેકટરશ્રી કરશે જે આપને બંધનકર્તા રહશે. કોઇપણ પ્રકારના અકસ્માતની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. સંઘ કોઇપણ પ્રકારના નુકશાન કે જાનહાની માટે જવાબદાર રહેશે નહી તેમજ દૂધ તથા ક્રેટ અંગેની કોઇપણ જવાબદારી લેશે નહી.

12. ટેન્ડર મંજુર થયે કોન્ટ્રાક્ટરશ્રીએ રૂટ માટે જમા કરેલ ઈ.એમ.ડી રૂ. ૫૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે વગર વ્યાજે સંઘમાં જમા રહશે. આ ડીપોઝીટની રકમ કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયેથી કોન્ટ્રાક્ટના રૂટના દરેક ડીલરોના ક્લીયરીંગ સર્ટીફિકેટ સંઘની ઓફીસે ડીપોઝીટ પરત મેળવવાની માગણી સાથે એક માસની અંદર રજુ કરવાના રહેશે. ક્લીયરિંગ સર્ટી રજુ થયેથી હિસાબો ચુકતે કર્યા બાદ જો કોઈ ડીપોઝીટ પરત કરવાપાત્ર થતી હશે તો એક માસ પછી પરત કરવામાં આવશે.

13. કોન્ટ્રાક્ટરના સમય દરમિયાન કોન્ટ્રાક્ટર નિયત કરેલ વાહન સંઘની મંજૂરી સિવાય વેચી શકશે નહી. કોન્ટ્રાક્ટર આ કોન્ટ્રાક્ટનાં કામકાજ માટે નિયત વાહન સિવાય બીજા વાહનનો સંઘની મંજૂરી સિવાય ઉપયોગ કરી શકશે નહી. આ કોન્ટ્રાક્ટનું કામકાજ કોન્ટ્રાક્ટર બીજા કોઈને કોઈ રીતે તબદીલ કરી શકશે નહી. તેમજ પેટા ભાડે બીજી રીતે સંઘની પૂર્વ લેખિત પરવાનગી મેળવ્યા સિવાય આપી શકશે નહી. કોન્ટ્રાક્ટ તબદીલ કરવાના કિસ્સામાં કોન્ટ્રાક્ટ શરૂ થયેથી એક માસમાં જે કોન્ટ્રાક્ટરની અરજી મળેલ હશે તેને જ આવી પરવાનગી આપતાં સંઘ જે શરતો મુકરર કરે તે શરતો પાળવા કોન્ટ્રાક્ટર અને જે શખ્સના નામે રૂટ તબદીલ થયેલ હશે તે પાળવા બંધાયેલ રહશે. આવી તબદીલી અંગે પરવાનગી માંગતા પહેલા ટ્રાન્સફર ફી રૂ!. ૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) + જી.એસ.ટી સંઘમાં ટ્રાન્સફર ફી તરીકે જમા કરાવવાના રહશે. પરવાનગી નામંજુર થાય તો ટ્રાન્સફર ફી પરત કરવામાં આવશે. રૂટ કોન્ટ્રાક્ટર ડીપોઝીટ સાથે રૂટ ટ્રાન્સફર થશે તેમજ મૂળ કોન્ટ્રાક્ટરની તમામ જવાબદારી જે શખ્સનાં નામે કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર થયો હશે તેની રહેશે.

કોન્ટ્રાક્ટર અગર તો જેના નામે કોન્ટ્રાક્ટ તબદીલ થવા પરવાનગી આપવામાં આવી હશે તેજ વ્યક્તિ સંઘ સાથે વ્યવહાર કરી શકશે.

14. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટનાં બિલ પેટે કોઇપણ રકમ એડવાન્સ આપવામાં આવશે નહી.

15. દૈનિક ભાડાની ચુકવણી જે તે માસ પુરો થયેથી ટ્રાન્સપોર્ટ બિલ મળ્યા ૧૦ થી ૧૫ દિવસમાં ચેકથી/ઓન લાઈન કરવામાં આવશે.

16. સંઘના કર્મચારીઓ સાથે વાહન પર રોકાયેલા ડ્રાઈવર/કન્ડક્ટર (લોડર ) તેમજ વાહન પરનો સ્ટાફ વગરે જો અસભ્ય વર્તન દાખવશે તેવા કિસ્સામાં સંઘ તરફથી આવા સખ્સને સંઘના કમ્પાઉંડમાં આવવાની મનાઈ કરશે અથવા તેને છુટા કરવા સહિતની, જે કોઈ સુચના સંઘ તરફથી કોન્ટ્રાક્ટરશ્રીને મળે તેનો કોન્ટ્રાક્ટરશ્રીએ તુરંત અમલ કરવાનો રહેશે. જો તેનો અમલ નહી થાય તો ભાડાના દરની ટકાવારી પ્રમાણે તેટલો માસિક દંડ કરવાનો અધિકાર સંઘને રહેશે. તે રકમ માસિક ભાડાની રકમમાંથી કપટ કરવામાં આવશે અથવા ડીપોઝીટમાંથી બાદ કરવામાં આવશે.

17. કોન્ટ્રાક્ટરશ્રીએ વાહનનો તમામ પ્રકારનો ટેક્ષ ભરવાનો રહેશે તથા જરૂરી વીમો ભરવાનો રહેશે અને જો અકસ્માતના સંજોગોમાં કોઈનું મુત્યુ અથવા ઈજા થાય તો તેની સર્વે જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. માલ પરિવહનમાં માલના જોખમને સંપૂર્ણ આવરી લેતા વીમા પોતાના ખર્ચે લેવાનો રહેશે અને જરૂરી કાગળો સંઘમાં કોન્ટ્રાક્ટરશ્રીએ રજુ કરવાના રહેશે.

18. કોન્ટ્રાક્ટરશ્રીએ પોતાના વાહન ઉપર રોકેલ કર્મચારી અને મજુર માટે મજુરોના હિતોના સરકારી કાયદાઓ તથા અકસ્માતનાં અન્વયે કોઇપણ જાતની જવાબદારી ઉપસ્થિત થાય તો અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરની રહશે. વાહન ઉપર રોકાયેલ કર્મચારી કે મજુરોના નામ/સરનામા વખતો વખત સંઘને આપવાના રહેશે અને જયારે તેમાં ફેરફાર થાય ત્યારે તેમના નામ અને સરનામાની લેખિત જાણ સંઘને કરવાની રહેશે. વાહન સાથેના દરેક સ્ટાફને ડ્રેસ અને ઓળખપત્ર સંઘ નક્કી કરે તેમ કોન્ટ્રાક્ટરશ્રીએ તેના ખર્ચે કરાવી આપવાના રહશે.જો નક્કી કરેલ મજુરોની સંખ્યા ગાડીમાં હાજર નહી હોય તો મજુર દીઠ રૂ. ૫૦/-પ્રતિદિન પેનલ્ટી કપાત કરી શકશે. ફક્ત સંઘને જાણ કરેલ નામવાળા જ મજુરો વાહન સાથે રહી દૂધ વિતરણ કરી શકશે.

19. ભાગીદારી પેઢીનાં નામે કોઈ ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર રજુ કરતી વખતે ભાગીદારી લેખની ખરી નકલ તથા ભાગીદારીના પૂર્ણ નામ-સરનામાની વિગત લેખિત રજુ કરવાની રહેશે. ભાગીદારી પેઢી વતી જે વ્યક્તિને અધિકાર આપવામાં આવ્યો હશે તે વ્યક્તિ સાથે સંઘ તમામ વ્યવહાર કરશે. તે સિવાય બીજા કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર કરવામાં આવશે નહી. કરારના સમય દરમ્યન ભાગીદારી પેઢીના માળખામાં જો કોઈ ફેરફાર થાય તો તેની લેખિત જાણ ફેરફાર થયેથી દિન ૧૦માં સંઘને કરવાની રહેશે. અને જરૂર પડે નવો ભાગીદારી લેખ અગર ભાગીદારી છૂટી કરવાનો લેખ અગર બીજા લેખો જે થયા હોય તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

20. સંઘના કંપાઉન્ડમાં આવતું વાહન નિયત વેગની મર્યાદા કરતાં વધુ ઝડપે દોડાવવાનું રહેશે નહિ. વાહન માટે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાએ વાહનને પાર્ક કરવું નહિ. તેમ છતાં જો આમ વારંવાર બનશે તો તે માટે દૈનિક દંડ રૂપે ૧૦૦/- ની રકમ કપાત કરી શકશે.

21. સંઘ દ્વારા લખેલ ટપાલ રૂટ કોન્ટ્રાક્ટરશ્રીના ડ્રાઇવર/કંડકટર અથવા તેમણે રાખેલ કોઈપણ વાહનમાંના કર્મચારીને સહી લઇ આપવામાં આવશે, જે કોન્ટ્રાક્ટરશ્રીને મળ્યા બરાબર ગણાશે. અને આવી ટપાલ જેતે સમયે જેતે ગ્રામ્ય રૂટના ડીલરને તેના નામ સરનામે પહોચાડી દેવાની રહેશે. અને તે મળ્યા બદલની પહોંચ સંઘમાં આપવાની રહેશે.

22. આ કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયે સંઘને જરૂર જણાય તો એક માસ કે તેથી વધુ સમય માટે કોન્ટ્રાક્ટનો સમય આ શરતોને આધિન રહી લંબાવી શકશે. તેમજ જો સંઘ જણાવે તો કોન્ટ્રાક્ટરે તેનો રૂટ વધુ સમય ચાલું રાખવાનો રહેશે.

23. દરરોજ ઇન્સ્યુલેટેડ ગાડીમાંજ દૂધ વિતરણ કરવાનું રહેશે, તેમ છતાં જો ગરમીથી દૂધ ખાટુ થશે/બગડી જશે તો ખાટા/બગડી ગયેલ દૂધ,છાશની નુકશાનીની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. તેમજ ગમેતે ઋતું કે ગમે તેવા કપરા સંજોગોમાં પણ દૂધ,છાશ સમયસર જે તે હબ/વિતરણ કેન્દ્ર ઉપર કોઇપણ રસ્તેથી પહોચાડવાનું રહેશે. જો હબ/વિતરણ કેન્દ્ર પર દૂધ છાશ નહિ પહોચાડેલ હોય તો તે દિવસનું પુરેપુરું દૈનિક ભાડું સંઘ કાપી લેશે. જો કોન્ટ્રાક્ટર કોઈપણ કારણોસર રૂટમાં વાહન નહી મોકલેલ હોય તો તે દિવસનું દૈનિક ભાડું+રૂ. ૧૦૦૦ની પેનલ્ટી કોન્ટ્રાક્ટરના બિલમાંથી કપાત કરી શકશે.

24. રૂટમાં દર્શાવેલ કિલોમીટર અંદાજિત બતાવેલ છે. રૂટ કોન્ટ્રાક્ટરે રૂટ ભરતા પહેલાં રૂટના કિલોમીટરની ચકાસણી કરી લેવી. ટેન્ડર મંજુર થયા પહેલાં કે પછી કિલોમીટર બાબતમાં કોઈપણ વિવાદ ચાલી શકશે નહીં.

25. કોઈપણ કારણસર દુધની ગાડી મોડી પડશે અને તેથી જેતે કેન્દ્ર ઉપરથી પરત થતા દૂધ, છાશની તમામ કિંમત કોન્ટ્રાક્ટરના બીલમાંથી કપાત કરવામાં આવશે. જો વારંવાર ગાડી મોડી પડશે તો પ્રતિ દિન ૧૦ મિનિટના રૂ.૧૦૦/- લેખે કુલ મોડા સમયની પેનલ્ટી સંઘ વસુલ કરી શકશે.

26. કોન્ટ્રાક્ટરશ્રી જો સંઘ સાથેના કરારપાલનમાં ચૂક કરશે તો સંઘ તાત્કાલીક કોન્ટ્રાક્ટ રદ કરી શકશે. તેમજ કોન્ટ્રાક્ટરની ડિપોઝીટ અને બીલની ચુકવણી અટકાવી શકશે.

27. દૂધ વિતરણ માટે નક્કી કરેલ સમય મુજબ કોન્ટ્રાક્ટરશ્રીનું વાહન સમયસર અત્રે ડોક ઉપર હાજર નહિ હોય તો લેટ ચાર્જ પેટે પ્રતિ ૧૫ મિનિટના રૂ.૧૦૦/- લેખે સંઘ કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરી શકશે.

28. સદર કોન્ટ્રાક્ટ અંગેના કરાર લેખનો ખર્ચ કોન્ટ્રાક્ટરશ્રીએ ભોગવવાનો રહેશે.

29. સંઘના ડોક ઉપરથી દુધ,છાશ,દહીંના ક્રેટ વગેરે લેતાં તેમજ ખાલી ક્રેટ સંઘના ડોક ઉપર પરત કરતી વખતે જો કોઈપણ જાતની ગેરરીતી માલુમ પડશે તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટરની પોતાની રહેશે અને સંઘ તે માટે જે કઈ દંડ નક્કી કરશે તે ભરવાનો રહેશે.

30. કોન્ટ્રાક્ટની મુદત પૂરી થાય ત્યાં સુધી ટેન્ડરના ભાવમાં ડિઝલ ભાવવધારા સિવાય કોઈપણ જાતનો ભાવવધારો સંઘ તરફથી આપવામાં આવશે નહિ અને તે કોન્ટ્રાક્ટરશ્રીને કબુલ મંજૂર રહેશે.

31. ડેરી ડોક ઉપરથી દૂધ,છાશના ક્રેટ વગેરે ચેક કરીને લેવાના રહેશે. દૂધ, છાશના પાઉચ ચેક કરી લીધા પછી દૂધ, છાશના પાઉચ જો લીકેજ હશે તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. અને તેવા લીકેજ પાઉચ જે તે ડીલરને કોન્ટ્રાક્ટરશ્રીએ મજરે આપવાના રહેશે.

32. હબ/વિતરણ કેન્દ્ર ઉપર ટ્રાફિકને અડચણરૂપ ન બને તેમજ અકસ્માત ન સર્જાય તે માટે જે તે સ્થળ ઉપર વ્યવસ્થિત રીતે વાહન ઉભું રાખીને દુધ, છાશના ક્રેટ ડીલરની ગાડીમાં ઉતારવાના રહેશે. ટ્રાફિકના પ્રશ્નો કે અકસ્માતના પ્રશ્નો ઉપસ્થિત થશે, તો તે અંગે ઉભી થતી તમામ જવાબદારી રૂટ કોન્ટ્રાક્ટરની રહેશે.

33. ઇન્સ્યુંલેટેડ વાહનની કંડીશન એકદમ સારી અને વાહનનું મોડલ ૨૦૧૫ કે ત્યારબાદનું હોવું જરૂરી છે.

34. કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન વાહન/મજુર/ડ્રાઈવર કે વાહનના અન્ય સ્ટાફ અંગે જે કોઈ સરકારી –અર્ધ સરકારી નાણાંકીય જવાબદારી ઉભી થશે તો તેવી રકમ સંઘ કોન્ટ્રાક્ટરશ્રીના બીલમાં કપાત કરી જેતે સરકારી વિભાગમાં સીધી જમા કરાવી શકશે.

35. ડીલર તરફથી આવેલ તમામ ક્રેટ સવારે ૧૧ કલાક સુધીમાં સંઘના ડોક ઉપર જમા કરાવવાના રહેશે. ધોયા વગરના અથવા ગંદા ક્રેટ/કેન અંગેની ફરિયાદ સંઘના ડોક ઉપરથી કે ડીલરો તરફથી આવશે તો તે અંગેની ઉભી થતી તમામ જવાબદારી રૂટ કોન્ટ્રાક્ટરની રહેશે.

36. દૂધ વિતરણની કામગીરીમાં મુકવામાં આવતા વાહનમાં તેની ચાદર તૂટેલી હશે તો તે બિલકૂલ ચાલશે નહિ અને ચાદરની ઉપરના ભાગમાં કોઈપણ લોખંડનો ભાગ અથવા નટ બોલ્ટ ક્રેટ ઉતારવામાં કે ચડાવવામાં નડતરરૂપ ન થાય તેવી રીતે ચાદર બનાવવાની રહેશે.

37. ડીઝલના પ્રવર્તમાન (૨૬.૦૪.૨૦૨૪ના) એવરેજ ભાવ રૂપિયા ૯૦.૧૭/-ધ્યાનમાં રાખી ભાવો ભરવાના રહેશે. ત્યાર બાદ કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જ્યારે ડીઝલના ભાવમાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની ક્યુમીલીટી ગણતરી કરતા (થયેલ વધારાની રકમમાંથી ઘટાડાની રકમ બાદ કરતાં) જે ૧૫ દિવસની એવરેજ માં તા. ૦૧ થી ૧૫ અને ૧૬ થી ૩૦/૩૧ સુધીની તારીખમાં રૂ. ૨-૦૦ પ્રતિ લીટરે કે તેથી વધુ રકમનો વધારો/ઘટાડો થશે તો તા. ૦૧ કે ૧૬ તારીખ થી મૂળ ભાવ/રેટના ડીઝલના ભાવમાં જયારે વધારો/ઘટાડો થતો રહેશે ત્યારે ઉપર જણાવ્યા મુજબ ક્યુમીલીટી વધ-ઘટની ગણતરી મુજબ વધ-ઘટ મજરે આપવામાં આવશે.

38. દૂધ પરિવહન કામગીરી અંગે વેચાણ વિભાગના સ્ટાફ દ્વારા વખતો વખત જે કોઈ સુચના,આદેશ કે જાણ કરવામાં આવે તેનું કોન્ટ્રાક્ટરશ્રીએ બરાબર પાલન કરવાનું રહેશે.

39. ડીલરોને લીકેજ દૂધ, ગંદા ક્રેટ કે અનિયમિતર દૂધ, છાશ મળવા સબબ જે કંઈ નુકશાન થવા પામશે, તેવા તમામ નુકશાનને માટે કોન્ટ્રાક્ટરશ્રીની જવાબદારી રહેશે અને આવા નુકશાનીની રકમ કોન્ટ્રાક્ટર પાસેથી સંઘ વસુલ લઇ જેતે ડીલરને ચૂકવી શકશે.

40. કોન્ટ્રાક્ટરશ્રી રૂટના સમયે મોડામાં મોડુ સંઘના ડોક પર એક કલાક સુધી વાહન ઉપસ્થિત નહી કરી શકે, તેવા કિસ્સામાં સંઘ અન્ય વાહનની વ્યવસ્થા ગોઠવી દૂધ વિતરણ કરાવી શક્શે તથા તે દિવસની ભાડાની રકમ પૂરેપૂરી કોન્ટ્રાક્ટરશ્રી પાસેથી વસુલ કરશે તેમજ વિતરણ વ્યવસ્થા માટે ઉપયોગ કરેલ વાહનના ભાડાની રકમ પણ કોન્ટ્રાક્ટરશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે.

41. સંઘના તમામ પ્લાન્ટ ખાધ પદાર્થોના ઉત્પાદન સાથે સંકળાયેલ છે અને તેનો સીધો સંબંધ આરોગ્ય સાથે છે, તે માટે સંઘે આઈ.એસ.ઓ. ૯૦૦૧ અને ૧૪૦૦૧ સર્ટીફીકેટ મેળવેલ હોઈ, સંઘના વિસ્તારમાં આપના વાહનના ડ્રાઈવર/કંડકટર બીડી, ગુટખા કે તમાકુ સાથે પકડાશે તો રૂ ૫૦૦/-દંડનીય રકમ વસુલ લેવામાં આવશે. આઈ.એસ.ઓ. માં ટ્રાન્સપોર્ટ માટેની જે માર્ગદર્શિકા છે તેનો અમલ કરવાનો રહેશે.

42. સંઘના સંકુલમાં દાખલ થતું તમારું વાહન પી.યુ.સી. પ્રમાણિત હોવું જોઈશે. વાહનમાંથી ઓઇલ ટપકતું કે લીકેજ થતું હોય તો વાહનને સંકુલમાં લાવવું નહિ.આવું વાહન લાવવામાં આવશે તો રૂ.૫૦૦/- દંડનીય રકમ વસુલ લેવામાં આવશે.

43. જયારે તમારું વાહન થોભાવવું હોય ત્યારે અચૂકપણે એન્જીન બંધ રાખવાનું રહેશે.

44. આઈ.એસ.ઓ.૧૪૦૦૧:૨૦૧૫ અન્વયે પર્યાવરણ પધ્ધતિની માર્ગદર્શિકા ઇ.એમ.એસ. & ISO 9001:2015 Quality Management System (QMS) & ISO 22000:2005 Food Safety Management System (FSMS) standards ગાઈડ લાઈન્સ અન્વયે કોન્ટ્રાક્ટરની કામગીરી કરવાની રહેશે.

45. ઇન્કમટેક્ષ કાયદા ૧૯૬૧ની કલમ ૧૯૪ મુજમ આપવાના થતા કર કપાતના પત્રકમાં જે કોન્ટ્રાક્ટરનો કર કાપવામાં આવે છે તેનો પાન(પરમેનેન્ટ એકાઉન્ટ નંબર) હોવો ફરજિયાત છે. જેમના નંબર સંઘની હિસાબી શાખાને આપવામાં નહિ આવે તેમને પત્રક ફોર્મ નં.૧૬-બ આપવામાં આવશે નહી.

46. આપશ્રી જે ગાડી પરિવહન કામગીરી કરવા માંગતા હોઈ તો તે ગાડીનું FSSAI નાં નિયમ મુજબ જરુરી લાઇસન્સ અથવા તો તે મેળવવા માટે કરેલ અરજીની નકલ ભાવપત્રક અત્રે જમા કરવવાની રહેશે.

47. ઓફર મંજુર થયાથી ઓફરની શરતોનું પાલન નહી કરવાથી સંઘને જે કઈ નુકસાન થાય તે તમામ કોન્ટ્રાક્ટરશ્રીએ ભરપાઈ કરવાનું રહેશે. ઓફર મંજુર થયા બાદ તેનો અમલ કરવામાં કોન્ટ્રાક્ટરશ્રીની ચૂક થાય અગર ઓફરની શરતભંગને લીધેન સંઘ કોન્ટ્રાક્ટ રદ કરે અને તેની અવેજીમાં વિતરણ કામગીરી પેટે જે કઈ ખર્ચ જો વધુ હશે તો કોન્ટ્રાક્ટ ના બાકી રહેતા કુલ સમય મુજબ થતી કુલ ખર્ચની રકમ/વધારાની રકમ કોન્ટ્રાક્ટરશ્રી એ ભરપાઈ કરવાની રહેશે.અથવા સંઘ આવી રકમ કાયદેસર રીતે કોન્ટ્રાક્ટર પાસેથી મેળવી શકશે.

48. ટેન્ડરમાં દશાવેલ વાહનની દૂધની ક્ષમતાની ચકાસણી સંઘ કરશે અને તે જ વાહનથી દૂધ પરિવહન કરવાનું રહેશે. સંઘની પૂર્વ મંજૂરી વિના અન્ય વાહન મૂકવામાં આવશે તો સંઘ દૈનિક ભાડાના ૧૦% દંડ વસુલ કરશે.

49. ઓફર મંજુર થયાની તારીખથી બરાબર ૧૦ દિવસમાં જો યોગ્ય ઇન્સ્યુલેશન કરાવીને વાહન રજુ ન કરી શકનાર કોન્ટ્રાક્ટરશ્રીની ડીપોઝીટ સંઘ જપ્ત કરી લઇ સદર કોન્ટ્રાક્ટરશ્રી અને તેમના વાહનને બ્લેક લિસ્ટમાં મુકી શકશે.

50. ઇન્સ્યુલેટેડ વાહન અને તેની સાથેના માણસો તથા વાહનમાં મુકાયેલ માલસામાન દરેકની સ્વસ્છતા અને સફાઈ પુરતી જાળવવાની રહેશે.વળી ગાડીની બહારની બંને સાઈડ તથા પાછળનો ભાગ,સંઘ તરફથી વાહન ઉપર જે કઈ પેન્ટીંગ/ડીઝાઈન વગેરે કરાવવા જણાવે તે દર વર્ષે એક વખત કોન્ટ્રાક્ટરશ્રીએ પોતાના ખર્ચથી કરાવવાનું રહેશે તેમજ પેન્ટીંગ કામ માટે આર.ટી.ઓ.ની જરૂરી મંજૂરી આપશ્રીની રહેશે.

51. રૂટ કોન્ટ્રાક્ટરશ્રી જો આ કોન્ટ્રાક્ટમાંથી છુટા થવા માગતા હશે તો તેમને 30 દિવસ (એક માસ) અગાઉથી લેખીત જાણ સંઘમાં કરવાની રહેશે. જો તે પહેલાં કોન્ટ્રાક્ટરશ્રી રૂટ બંધ કરશે તો સંઘને દૂધ વિતરણમાં થનારા નુકશાન સબબની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રી ની રહેશે. અને સંઘ તેની જમા રકમ અને ડિપોઝીટ પણ જપ્ત કરી શકશે.

52. આ શરતોમાં જે કોઈ સુધારા-વધારા કરવાની જરૂર પડશે,તો તે સંઘ દ્વારા જ્યારે જ્યારે પણ કરવામાં આવશે ત્યારે ત્યારે તેવી તમામ શરતો કોન્ટ્રાક્ટરશ્રીને માન્ય રાખવાની રહેશે.

53. આ કરારનામામાં અગર તો તેની શરતોના અમલ બાબતમાં સંઘ અને કોન્ટ્રાક્ટરશ્રી વચ્ચે મતભેદ પડે ત્યારે સંઘના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે, તેમ છતાં સંઘ અથવા કોન્ટ્રાક્ટરશ્રી વચ્ચે કોઈપણ પ્રકારનો તકરારી મુદદો ઉપસ્થિત થાય તો આં કરારનું ન્યાયક્ષેત્ર મહેસાણા રહેશે.

54. જે તે હબ /વિતરણ કેન્દ્ર પર આપનું વિહિકલ સવારે ૦૪ :૦૦ વાગ્યાથી ૬:૦૦ વાગ્યા સુધી લગાવાનું રહેશે. અને તે મુજ્બ જે તે પ્લાન્ટ ડોક પર લોડીંગ માટે વિહિકલ લગાવાનું રહેશે.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ શરતો નં. 1 થી 54 સુધી અમોએ વાંચી છે અને અમને કબુલ છે અને તે મુજબ કોન્ટ્રાક્ટરનું કામ કરવા બંધાઈએ છીએ.

સ્થળ :                    કોન્ટ્રાક્ટરની સહી :____________________

તારીખ :                   કોન્ટ્રાક્ટરનું નામ :____________________